મધ્યાહન ભોજન યોજનામાં નવા રચાયેલ ૭ જિલ્લા કક્ષાએ ૭ પ્રોજેક્ટ કો- ઓડીનેટરની ૧૧ માસના કરાર આધારિત MME ગ્રાન્ટમાંથી જગ્યા ભરવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક: મભય/૨૦૧૧/૬૧૪/ભાગ-૧/આર

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તા. ૧૭ /૦૭/૨૦૧૫

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગના તા.૨૬ /૧૨/૨૦૧૩ના સરખા ક્રમાંકનો ઠરાવ,

(૨) કમિશ્નરશ્રી,મ.ભો.યો.ના તા.૩૦/૦૫/૧૫ના પત્ર ક્રમાંક:મભય/મકમ/ક/૨૦૧૫/૪૮૦૭ ,

ઠરાવ;-

કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરીના વંચાણે સંદર્ભ-(૧)માં દર્શાવેલ પત્રમાં થયેલ દરખાસ્ત મુજબ મધ્યાહન ભોજન યોજનાના અમલીકરણ માટે નવા રચાયેલ (૧)અરવલ્લી (૨)ગીર-સોમનાથ (૩)બોટાદ (૪)મોરબી (૫) મહીસાગર (૬)દેવ-ભૂમિ દ્વારકા (૭)છોટાઉદેપુર જિલ્લાઓમાં જિલ્લાદીઠ એક મુજબ ૭ પ્રોજેક્ટ કો- ઓડીનેટરની જગ્યાઓ માસિક રુ.૧૦,૦૦૦/-(દસ હજાર રુપિયા પુરા)ની ૧૧ માસના કરાર આધારિત MME ગ્રાન્ટમાંથી જગ્યા ભરવાની મંજુરી આપવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨/ કાળજીપૂર્વકની વિચારણાને અંતે મધ્યાહન ભોજન યોજનાના અમલીકરણ માટે નવા રચાયેલ (૧)અરવલ્લી (૨)ગીર-સોમનાથ (૩)બોટાદ (૪)મોરબી (૫) મહીસાગર (૬)દેવ-ભૂમિ દ્વારકા (૭)છોટાઉદેપુર જિલ્લાઓમાં જિલ્લાદીઠ એક મુજબ કુલ-૭ પ્રોજેક્ટ કો- ઓડીનેટરની જગ્યાઓ માસિક રુ.૧૦,૦૦૦/-(દસ હજાર રુપિયા પુરા)ના વેતનથી અને ૧૧ માસના કરાર ના ધોરણે MME ગ્રાન્ટમાંથી ભરવા માટે નીચેની શરતો અને બોલીઓને આધિન આથી મંજુરી આપવામાં આવે છે.

જિલ્લા પ્રોજેક્ટ કો- ઓડીનેટર :-

(અ) આવશ્યક લાયકાત-

-માન્ય યુનિવર્સીટીમાંથી સ્નાતકની ડિગ્રી ઓછામાં ઓછા ૫૦% ગુણાકંન સાથે પાસ કરેલ હોવી જોઇએ.

-સરકાર માન્ય સંસ્થામાંથી CCC પરીક્ષાપાસ કરેલ હોવી જોઇએ.

- માન્ય યુનિવર્સીટીમાંથી એમ.સી.એ.ની ડિગ્રી મેળવેલ હશે તેવા ઉમેદવારને અગ્રામતા આપવામાં આવશે.

(બ) અનુભવ -

-ડેટાએન્ટ્રી ઓપરેટર તરીકેનો ઓછામાં ઓછો ૨ (બે) વર્ષનો અનુભવ ફરજીયાત.

-ડીટીપી (ડેસ્કટોપ) પબ્લિશન )ઓપરેટર તરીકેનો અનુભવ.

-આસિસ્ટન્ટ તરીકે વહીવટી કામનો અનુભવ હશે તેને અગ્રીમતા આપવામાં આવશે.

(ક) વયમર્યાદા:-

-અરજી કરવાની છેલ્લી તારીખે ઉમેદવારની ઉમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષ કરતાં વધુ હોવી જોઇએ નહીં.

શરતો :-

(૧) પ્રોજેક્ટ કો- ઓડીનેટરની જગ્યાઓ પરની નિમણુંકો ૧૧ માસના કરાર આધારે આ ઠરાવ સાથે સામેલ બોલીઓ અને શરતો અનુસાર કરવાની રહેશે.આવી નિમણુંકની કામગીરી કમિશ્નરશ્રી,મ.ભો.યો.દ્વારા વર્તમાન પત્રમાં જાહેરાત આપીને કરવાની રહેશે.વધુમાં કરારનો સમય પૂર્ણ થતા નવી જાહેરાત આપીને કરાર આધારિત નિમણૂક કરવાની રહેશે.

(૨) ૧૧ માસના કરારનો સમય પૂર્ણ થયા બાદ તેઓની નિમણુંકનો અંત લાવવાનો રહેશે,આ બાબતે કમિશ્નરશ્રી, મ.ભો.યો.એ પૂરતી કાળજી રાખવાની રહેશે.

(૩) પ્રોજેક્ટ કો- ઓડીનેટરને માસિક રુ.૧૦,૦૦૦/-(દસ હજાર રુપિયા પુરા)નું વેતન ચુકવવાનું રહેશે.

(૪)ભારત સરકાર તરફથી મળતી MME હેઠળ મળનાર ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૩/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૩/૦૭/૨૦૧૫ની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

--માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

--માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

--માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.

-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.

--નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ)ની કચેરી,ગાંધીનગર.

--સબંધિત જિલ્લા કલેટરશ્રી, (૧)અરવલ્લી (૨)ગીર-સોમનાથ (૩)બોટાદ (૪)મોરબી (૫) મહીસાગર (૬)દેવ-ભૂમિ દ્વારકા (૭)છોટાઉદેપુર

-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.

-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

--જિલ્લા તિજોરીઅધિકારીશ્રી, (૧)અરવલ્લી (૨)ગીર-સોમનાથ (૩)બોટાદ (૪)મોરબી (૫) મહીસાગર (૬)દેવ-ભૂમિ દ્વારકા (૭)છોટાઉદેપુર

-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)

-- નાયબ સેકશન અધિકારીશ્રી,

-- સિલેકટ ફાઇલ.